## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ના ભાઈ તમારે ડોકના દૂખાવાની કોઈ દવા લેવાની જરૂર નથી... લાંબા વાયરવાળું એક ચાર્જર લઈ લો...!!

# નેશનલ હાઈવે નં. ૮ પર ખાનગી વાહનોમાં જીવ સટોસટની મુસાફરી

### રણુંજાથી પરત ફરતાં મુસાફરો જે વાહન મળે તે અને જેવી જગ્યા મળે તેમાં મુસાફરી કરવા મજબૂર, રણુંજામાં મેળો રદ થતાં ભક્તો પરત ફર્યા

ગાંધીનગર, તા. ૨૭

અમદાવાદ-ચિલોડા-હિંમતનગર માર્ગ ઉપર ખાનગી વાહનોમાં છાપરે ચડી જીવ સટોસટની મુસાફરી કરતાં લોકો જોવા મળી રહ્યા છે. માર્ગમાં અનેક સ્થળોએ પોલીસનો પહેરો હોવા છતાં બેરોકટોક આવા ખાનગી વાહનો દોડી રહ્યા છે. જો કે પગપાળા કે વાહનોમાં રણુંજા ગયેલા ભક્તો આ રીતે પરત આવી રહ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે. તંત્ર દ્વારા મુસાફરો માટે એસ.ટી. બસની વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ પણ આ દૃશ્યો જોઈ હચમચી ગયેલા વાહનચાલકો દ્વારા થઈ રહી છે.

રાજસ્થાનના ખાનગી વાહનમાં રણુંજાથી જોધપૂર, પાલી, આબુરોડ, અંબાજી, હિંમતનગર, ચિલોડા થઈ અમદાવાદ તરફ જોખમી મુસાફરીના સહારે લોકો પરત ફરી રહ્યા છે. વધુમાં રાજસ્થાનના ડુંગરાળ વિસ્તારમાં થઈ ઉબડખાબડ રસ્તા વટાવી આ વાહનો છાપરે મુસાફરોને બેસાડી જીવના જોખમે મુસાફરી કરાવી રહ્યા છે. જો કે આવા વાહનચાલકો છાપરે બેસાડવાનો પણ મોં માંગ્યા દામ વસુલી રહ્યા હોવાની માહિતી મળી છે. મુસાફરો પણ જે વાહન મળે તેમાં જેવી જગ્યા મળે તેમાં મુસાફરી કરી પરત ફરવા ઈચ્છી રહ્યા છે. જેમાં અસંખ્ય લોકો એકઠા થયેલા હોવાથી આ સ્થિતિનું નિર્માણ થયુ છે. દરમ્યાન ગુજરાત પોલીસ પણ મુક પ્રેક્ષક બની આ તમાશો જોતી હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યુ છે.



## ગુજરાત રાજ્ય ચેરીટેબલ હોસ્પિટલ્સ ફેડરેશનની રાંધેજા ખાતે બેઠક યોજાઈ

રાંધેજામાં આવેલી એન.એન. પટેલ સાર્વજનિક હોસ્પિટલ ખાતે ગુજરાત રાજ્ય ચેરીટેબલ હોસ્પિટલ ફેડરેશનની કારોબારીની મિટીંગ મળી હતી. જેમાં સમગ્ર ગુજરાતની વિવિધ હોસ્પિટલોમાં ગરીબ દર્દીઓની સેવા કરવામાં ઉપસ્થિત થતાં પ્રશ્નોની ચર્ચા કરી અને તે પ્રશ્નોનું નિરાકરણ સરકાર પાસેથી લાવવાનો એક ઉમદા પ્રયાસ કર્યો હતો. અરવિંદભાઈ જી. પટેલ (ધારાસભ્ય), રમેશભાઈ બી. પટેલ (મંત્રી)એ સમસ્ત પ્રશ્નોનું ઝડપી નિરાકરણ આવે તેવી સરકારને રજુઆત કરવાની તથા નિરાકરણ લાવવાની ખાતરી આપી હતી.

## 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત ફીટ ઈન્ડિયા ફ્રીડમ રનનું આયોજન

રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અંતર્ગત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત હસ્તકની જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્રની કચેરી દ્વારા સ્વર્ણિમ પાર્કથી 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત ફીટ ઈન્ડિયા ફ્રીડમ રન ૨.૦નું આયોજન કરાયું હતું. ગાંધીનગર જિલ્લાના ૭૫ ભાઈઓએ દોડમાં ભાગ લીધો હતો. ઉપરાંત ૨૮ ઓગસ્ટના રોજ બહેનોની ૨ કિમી દોડનુ આયોજન આજ સ્થળેથી કરવામાં આવ્યું છે તેમ જિલ્લાના સિનિયર કોચ કૌશિક એન. પટેલ દ્વારા જણાવાયું છે.

## અમિતભાઈ શાહના મત વિસ્તારના કલોલ તાલુકાના ગામડાંઓ હવે સોલર રૂફ ટોપ યોજના અપનાવશે

ગાંધીનગર, તા.૨૭

કેન્દ્રિય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના સંસદીય મતવિસ્તારના કલોલ તાલુકાના ગામડાઓના નાગરિકોને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓથી લાભાન્વિત કરાઈ રહ્યા છે.

આ ગ્રામ્ય વિસ્તારોમાં જિલ્લા કલેકટરશ્રી કુલદીપ આર્યની રાહબરીમાં યુજીવીસીએલના અધિકારીઓએ નારદીપુર, પાનસર, સાંતેજ,વડસર, સોજા, બાલવા, શેરીસા, મોટીભોંયણ, પલિયડ, ગોલથરા, નાદ્રી, ધાનોટ, બિલેશ્વરપુરા, આમજા સહિતના ગામોમાં સરપંચશ્રીઓ, સામાજિક –રાજકીય અગ્રણીઓ અને ગ્રામજનો સાથે મીટિંગો યોજી, સોલર રૂફ ટોપ યોજના અપનાવવાના ફાયદા સમજાવ્યા હતા અને રાજ્ય સરકાર શહેરો જેવી સુવિધા ગામડાઓને આપીને સમૃદ્ધ કરવા માગે છે તે અંગે સમજ આપી હતી. અધિકારીઓએ ગામડાઓ સૌર ઊર્જાથી ઝળહળે એ માટેના પ્રયત્નો આદર્યા છે,જેથી લોકોને પણ વીજ બિલમાં ફાયદો થાય. આ વિસ્તૃત માહિતીનો ગ્રામજનો સહિત સૌ કોઈએ હકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો એટલું જ નહીં, આ યોજનાની માહિતી મેળવ્યા બાદ તરત જ દસેક લોકોએ સોલર રૂફ ટોપ યોજનાનો લાભ લેવા નોંધણી કરાવી હતી.

વીજ ગ્રાહકોને વીજ બીલમાં રાહત આપવાના હેતુથી અને રહેણાંક ક્ષેત્રે સોલાર રૂફ ટોપનો વ્યાપ વધારવા રાજ્ય સરકારશ્રી દ્વારા તા.૦૫.૦૮. ૨૦૧૯થી સોલર રૂફ ટોપ યોજના ('સૂર્ય-ગુજરાત') શરૂ કરવામાં આવી છે. રૂફટોપ સિસ્ટમ લગાવવામાં દેશમાં ગુજરાત પ્રથમ નંબરે છે.આ યોજના અંતર્ગત રહેણાંક હેતુનાં ૧,૯૮,૧૬૩ વીજ ગ્રાહકોને ત્યાં સોલર રૂફ ટોપ સીસ્ટમ લગાડવા આવી છે. જેની કુલ વીજ એકત્રિત ક્ષમતા ૭૫૭.૯૦ મેગાવોટ છે.

ગાંધીનગરમાં યુજીવીસીએલ થકી સોલર રૂફ ટોપ યોજનાનો અમલ થવાનો છે. એક જ સ્થળેથી યોજનની માહિતી લોકોને મળી રહે તેવું સુંદર આયોજન જિલ્લા વહીવટીતંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. "સરકાર તમારે આંગણે" એ સૂત્રને જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ સાર્થક કરી રહ્યા છે.

## ખૂણેખાંચરેથી

- ૭ મી સપ્ટેમ્બરના રોજ જિલ્લા પંચાયતની કારોબારી સમિતિની બેઠક બપોરે બે વાગે મળશે.
- ૩ દિવસની રજાઓના મિની વેકેશનને લઈ આજે શહેરમાં ટ્રાફિક ભારણ નહિવત્ હતુ.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૯ હજારથી વધુ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.
- શહેરી વિકાસ વિભાગના સચિવ લોચન શહેરાએ આજે રાજ્યના ૮ મહાનગરો સાથે કામગીરી અંગે સમીક્ષા કરી હતી.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગર જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ખાતે આજે બપોરે સ્વરોજગાર યોજનાઓને લઈ એક મહત્વની બેઠક યોજાઈ હતી.
- ગાંધીનગર મનપાના કમિશનર ડૉ. ધવલ પટેલની અધ્યક્ષતામાં આજે નવા સમાવાયેલા વિસ્તારની મિલ્કતોના સર્વેના આયોજનને આખરી ઓપ અપાયો હતો.
- આજના પ્રકૃતિ વંદન કાર્યક્રમ અંતર્ગત વધુ ને વધુ લોકોને જોડવા માટે પ્રાથમિક શૈક્ષણિક મહાસંઘે અપીલ કરી છે.

## વૈષ્ણોદેવી સર્કલ પાસેથી સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે છોટા હાથીના ગુપ્તખાનામાંથી દારૂ ઝડપ્યો

### પોલીસે ૨૧૫ નંગ દારુ, મોબાઈલ, ટેમ્પો મળી કુલ રૂ.૨.૮૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર વૈષ્ણોદેવી સર્કલ થી ત્રાગડ જતા માર્ગ પર સ્ટેટ



મોનીટરીંગ સેલની ટીમે ટાટા ટેમ્પો એસના ગુપ્ત ખાનામાંથી વિદેશી દારૂની ૨૧૫ નંગ બોટલ ઝડપી પાડી હતી. હદની સમસ્યા સર્જાતા ટીમે અમદાવાદ-ગાંધીનગરની ટીમને સ્થળ પર બોલાવી હતી. ત્યારબાદ અડાલજ પોલીસની હદમાં દારૂની હેરફેર થતી હોવાનું સામે આવ્યું હતું.જયારે સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે ડ્રાઈવર-કલીનરની પકડી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

સ્ટેટ મોનીટરીંગ સેલના ડીવાયએસપી જયોતિ પટેલના માર્ગદર્શન હેઠળ કોન્સ્ટેબલ નરેન્દ્રસિંહ ગાંધીનગર સરખેજ માર્ગ પર સ્ટાફના જવાનો સાથે પેટ્રોલીંગમા હતા. તે દરમિયાન એક સફેદ કલરના ટાટા એસ ટેમ્પો નં. જી.જે.૦૪.ડબલ્યું-૫૩૧૨ ના ગુપ્ત ખાનામાં વિદેશી દારૂ ભરેલ છે અને આ ટેમ્પો વૈષ્ણોદેવી સર્કલ થી ત્રાગડ તરફ જવાના માર્ગ પરથી પસાર થવાનો છે, તેવી ચોક્કસ માહિતી મળી હતી. જેથી ટીમે બાતમીવાળા ટેમ્પાને વૈષ્ણોદેવી સર્કલ થી ત્રાગડ જવા ના સર્વિસ માર્ગ પરથી પકડી પાડવામાં આવ્યો હતો. પીકઅપ ડાલામાંથી ફલોરીંગના પતરા નીચે ગુપ્ત ખાનામાંથી વિદેશી દારુની ૨૧૫ બોટલ મળી આવી હતી. પોલીસે ડ્રાઈવર રઘુવીરસીંગ ઉર્ફે ભુરીયો ભવાનસિંગ સિસોદીયા તેમજ કલીનર ગજેન્દ્રસિંગને પકડી પાડી વધુ તપાસ હાથ ધરી છે. દારુની હેરાફેરી માટે તેમને ફેરા દીઠ રૂ.૨ હજાર મળતા હતા. સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમ દ્વારા ૨૧૫ નંગ દારૂની બોટલ, મોબાઈલ, ટેમ્પો મળી કુલ રૂ.૨.૮૬ હજારનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

## પેથાપુર આંકોલ તળાવની બાજુમાં લાઈટના અજવાળે બાજી માંડીને બેઠેલા ત્રણ ઝડપાયા

ગાંધીનગર, તા. ૨૭

પેથાપુર આંકોલ તળાવની બાજુમાં જુગાર રમતા ત્રણ શકુનીઓને પેથાપુર પોલીસે પકડી પાડયા છે. પોલીસને દાવ પર થી રોકડા રૂ.૧૦૩૦ તેમજ અંગજડતી દરમિયાન રૂ.૧૦ હજાર મળી કુલ રૂ.૧૧,૦૩૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પેથાપુર પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમા હતા તે દરમિયાન સાથે રહેલા હેડ કોન્સ્ટેબલ અનિલસિંહ અને કોસ્ટેબલ સંજયસિંહ ને સંયુકત રીતે બાતમી મળી હતી કે પેથાપુર આંકોલ તળાવની બાજુમાં આવેલા મંદિરના લાઈટના અજવાળે બાજી માંડીને કેટલાક જુગારીઓ જુગાર રમી રહ્યા છે. પોલીસે બાતમીવાળી જગ્યા પર જઈને જુગાર રમી રહેલા રાજેશભાઈ બાબુલાલ શાહ, સંજય રમેશ ભરથરી અને સુરેશ રમેશ ભરથરી (રહે આંકોલ તળાવ પેથાપુર)ને દબોચી લીધા હતા. પોલીસને જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૧૧,૦૩૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

## સેકટર-૧૩ છાપરા વિસ્તારમાંથી ઈકો ગાડીના સાયલેન્સરની ચોરી

ગાંધીનગર શહેરના સેકટર-૧૩ છાપરા વિસ્તારમાં આવેલા જાહેર શૌચાલયની બાજુમાં પાર્ક કરેલી ઈકો ગાડીના સાયલેન્સરની ચોરી થવા પામી છે. ઈકો માલિકે રૂ.૩૦ હજારના સાયલેન્સરની ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

શહેરના સેકટર-૧૩ છાપરા ખાતે રહેતા હિતેશ ભીખાજી ઠાકોર (ઉં.૩૩) સેકટર-૧૬ ખાતે મહાત્મા મંદિર સ્કુલની બાજુમાં ગાયોને નાંખવાનું લીલા ઘાસનો વેપાર કરે છે. તેમજ ઓલા ઉબેરમાં ગાંધીનગર - અમદાવાદ વચ્ચે ઈકો ગાડી ફેરવે છે. જયારે ગત તા. ૨૩ ઓગસ્ટના રોજ રાત્રીના નવ વાગે ઘાસનો વેપાર બંધ કરીને ગાડી લઈને સેકટર-૧૩ ખાતે ઘરે આવ્યા હતા. ઘર પાસે ઈકો ગાડી પાર્ક કરવા માટે જગ્યા ન હોવાથી હિતેશ ઠાકોર પોતાની ઈકો ગાડી જાહેર શૌચાલયની બાજુમાં પાર્ક કરતા હતા. ગાડી પાર્ક કરીને ગયા બાદ સવારે સેકટર-૧૬ ખાતે ઘાસના વેપાર માટે જવાનું હોવાથી ઈકો સ્ટાર્ટ કરતા અવાજ બદલાયેલો લાગ્યો હતો. પરંતુ ઝડપી જવાનું હોવાથી ખાસ કંઈ ધ્યાન આપ્યું ન હતું. ત્યારબાદ એકટીવા લઈને ઘરે આવ્યા હતા. જયારે વેપારમાંથી ટાઈમ મળતા ઘરે લાવીને બદલાયેલા અવાજ અંગે ઈકો ચેક કરતા સાયલેન્સરની ચોરી થઈ હોવાની જાણ થઈ હતી. જેથી ઈકો માલિકે સાયલેન્સર ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## કલમ-૧૯ (૧) હેઠળનું જાહેરનામુ

**મહેસુલ વિભાગ, સિચવાલય, ગાંધીનગર**

**જમીન સંપાદન પુન : સ્થાપન અને પુર્નવસવાટ અધિનિયમમાં વ્યાજબી અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (નો ૩૦ મો)**

જિલ્લો - અરવલ્લી તારીખ -૫/૮/૨૦૨૧

ક્રમાંક : અમ-૨૦૨૧-૩૫૩-મ-જઅર-૧૨૨૦૨૦-૨૪૧-ચ

રાજય સરકારને જમીન સંપાદન પુન : સ્થાપન અને પુર્નવસવાટ અધિનિયમમાં વ્યાજબી અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (નો ૩૦ મો) અન્વયે મળેલ સત્તા અન્વયે એમ લાગે છે કે, આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ જમીનોની મોડાસા- શામળાજી નવીન બોડગેજ રેલ્વે લાઈનના જાહેર હેતુ માટે સંપાદન કરવાનું આખરી થયેલ છે.

અને જયારે ગુજરાત સરકાર મહેસુલ વિભાગના જાહેરનામા ક્રમાંકઃઅમ-૨૦૨૦-૬૪૮-મ-જઅર-૧૨૨૦૨૦-૨૪૧-ચ ના રોજ કાયદા અનુસાર પ્રકાશીત કર્યા હતા તે જાણ કરવામાં આવી હતી કે, શીડયુલમાં ઉલ્લેખિત જમીનોની જરુરીયાત જાહેર હેતુ માટે અને ગુજરાત જમીન સંપાદન પુન : સ્થાપન અને પુનર્વસવાટ અધિકાર અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩(૨૦૧૩નો ૩૦મો ) ની કલમ ૧૫ હેઠળની નાયબ કલેકટર ખાસ જમીન સંપાદન અધિકારીના રીપોર્ટથી સંતુષ્ટ છે. જે જણાવે છે કે, અનુસૂચિ મુજબ કહેવાતી જમીનોની સંપાદિત કરવાની જરુર છે.

આથી કહેવાતા અધિનિયમની કલમ ૧૯ ની જોગવાઈ હેઠળ એ જાહેર કરવામાં આવે છે કે, ઉપર ઉલ્લેખિત જાહેર હેતુ માટે જમીનો ગામ પાલનપુર તા.મોડાસા જિ.અરવલ્લીની કુલ જમીન ૦-૦૦-૨૨. હે.આરે. ચો.મી. ની જરુર છે. કોઈપણ કુટુંબ વિષય જમીન સંપાદનના કારણે વિસ્થાપિત નથી થઈ રહ્યું અને તેથી કોઈપણ પુન : સ્થાપન વિસ્તારની જરુર નથી.

જમીન સંપાદન પુન : સ્થાપન અને પુર્નવસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શક અધિકાર અધિનિયમ ૨૦૧૩ (૨૦૧૩ નો ૩૦ મો) ના કલમ ૩ (જી) હેઠળ નાયબ કલેકટર ખાસ જમીન સંપાદન અધિકારી અને પ્રાંત અધિકારી મોડાસા આથી કહેવાતી જમીન સપાદનની ભવિષ્યની પ્રકિયાઓ માટે કલેકટરના કાર્યો કરવા માટે નિયુકત કરવામાં આવે છે.

જમીનના નકશાનું નિરીક્ષણ કોઈપણ કામકાજના દિવસે નાયબ કલેકટર મોડાસા અને ખાસ જમીન સંપાદનની કચેરી મોડાસા અરવલ્લીની કચેરીમાં કરી શકાશે.


**અનુસુચિ**

જીલ્લા-અરવલ્લી. તાલુકાઃ-મોડાસા ગામઃ- પાલનપુર

| સર્વે નંબર | જરૂરી જમીનનો વિસ્તાર હે. આરે. પ્રતિ ચો. મી. |
|---|---|
| ૧૩ પૈકી | ૦-૦૦-૨૨ |
| કુલ.. | ૦-૦૦-૨૨ |

**(આઇ.ડી.ચોધરી)**
**સરકારના નાયબ સચિવ**
**મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર**

**નામાનિ/હિંમત/૨૮૭/૨૦૨૧**



## કોલવડા આંબલીવાળા ગોગા મહારાજ મંદિર ખાતે નાગપાંચમની ઉજવણી કરાઈ

કોલવડા ગામે આવેલા આંબલીવાળા ગોગા મહારાજના મંદિરે નાગપાંચમ હોવાથી ભકતો મોટીસંખ્યામાં ઉમટી પડ્યા હતા. ગોગા મહારાજના દર્શન કરી દર્શાનાર્થીઓએ ધન્યતા અનુભવી હતી. જયારે ગોગા મહારાજના ભુવાજી ઈશ્વરભાઈ રઘુનાથભાઈ દેસાઈ દ્વારા દુધના પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું.

